ખેલ મહાકુંભમાં વિજેતા બનેલા ગાંધીનગર જિલ્લાના

# વિજેતા ખેલાડીઓને ઈનામોનું વિતરણ



## મહાનગરપાલિકા વિસ્તારના ૨,૭૭૮ ખેલાડીઓને રૂપિયા ૪૬ લાખ ૬૬ હજારથી વધુ અને ગ્રામ્ય વિસ્તારના ૩૧૨૯ ખેલાડીઓને રૂપિયા ૫૪ લાખ ૨૦ હજારથી વધુની રકમનાં ઈનામોનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં વિજેતા થયેલા ખેલાડીઓનો ઈનામ વિતરણ સમારંભ ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલના અધ્યક્ષ સ્થાને પ્રેક્ષા ભારતી, કોબા ખાતે યોજાયો હતો. આ ઈનામ વિતરણ સમારંભમાં મહાનુભાવોના હસ્તે ખેલ મહાકુંભમાં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ૨,૭૭૮ ખેલાડીઓને રૂપિયા ૪૬ લાખ ૬૬ હજારથી વધુ અને ગ્રામ્ય વિસ્તારના ૩૧૨૯ ખેલાડીઓને રૂપિયા ૫૪ લાખ ૨૦ હજારથી વધુ રકમનાં ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, માનસિક અને શારીરિક વિકાસ કરવા માટે જીવનમાં રમત ગમત ખૂબ જ જરૂરી છે. પહેલાના સમયમાં ભણવામાં તેજસ્વી હોય અને રમત ગમત માં અગ્રેસર હોય તેવા યુવાનોને શાળામાં અલગ અલગ દૃષ્ટિથી જોવામાં આવતાં હતાં. ખેલ મહાકુંભ થકી આજે મોટી સંખ્યામાં યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ખેલકૂદ મેદાનમાં જોઈ શકાય છે. રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભ શરૂ કરવા પાછળના ઉમદા આશયની વાત પણ તેમણે કરી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, રોગ મુક્ત જીવન જીવવા માટે તન-મનની તંદુરસ્તી ખૂબ જ જરૂરી છે.

ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ ૨૦૧૯ માં ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૪૪,૫૦૩ ખેલાડીઓએ પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૨૬,૦૬૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આજે ૨૭૭૮ ખેલાડીઓને રૂપિયા ૪૬ લાખ ૬૬ હજારથી વધુ રકમના ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું છે. તે ઉપરાંત જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ૧,૦૭,૫૬૩ ખેલાડીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું જેમાંથી ૮૬,૪૮૪ ખેલાડીઓ ખેલ મહાકુંભ ૨૦૧૯ માં વિવિધ રમતોમાં રમ્યા હતા. ગ્રામ્ય કક્ષાએ વિવિધ રમતોમાં વિજેતા થયેલા ૩૧૨૯ ખેલાડીઓને રૂપિયા ૫૪ લાખ ૨૦ હજારથી વધુ રકમનાં પ્રોત્સાહક રકમના ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડૉ. રતનકુંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારી આર. આર. રાવલ, નિવાસી અધિક કલેકટર એચ. એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી એસ. એમ. ભોરણિયા, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



રમેશચંદ્ર વેણીશંકર ભટ્ટ
મો. ૯૪૨૭૦ ૦૧૩૨૭



દેવેન્દ્ર ડુંગાણી
મો. ૯૯૦૯૦ ૩૪૪૯૦



જશન ઉર્પલકુમાર જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪



નિમિષા સી પારેખ
મો. ૭૮૭૪૧ ૨૩૫૧૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



એસ. જી. અને એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં સોફ્ટ ટોય બનાવવાની પ્રવૃત્તિનું આયોજન થયું હતું. ધોરણ ૧થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કોટન, કાપડ, ટીલડી , કલર, ગુંદર જેવી વસ્તુઓની મદદથી ઢીંગલીઓ બનાવી હતી.

## ઓમ લૅન્ડ માર્ક સ્કૂલ વિધાનસભાની મુલાકાતે




ગાંધીનગર જીલ્લાના ચિલોડા મુકામે સ્થિત ઓમ લેન્ડ માર્ક સ્કૂલનાં બાળકો અને શિક્ષક મિત્રોએ ગાંધીનગર સ્થાપિત વિધાનસભા (વિઠ્ઠલભાઈ પટેલ ભવન)ની મુલાકાત લીધી હતી. શિક્ષકોએ બાળકોને વિધાનસભા અને તેમાં ચાલતી કાર્યવાહીની માહિતી આપી હતી.

## મગોડી હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ



ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારના વિદ્યાર્થીઓએ એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રવાસમાં શાળાના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓ અને ૧૫ શિક્ષકોએ પોઈચા સ્વામિનારાયણ મંદિર તથા સરદાર સરોવર અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દ્વારા શૈક્ષણિક ઐતિહસિક ધાર્મિક વિશે રસપ્રદ માહિતી મેળવી પ્રવાસનો મોજ માણ્યો હતો.

## લાયન્સ ક્લબ દ્વારા યોજાયો નિઃશુલ્ક નેત્રનિદાન કૅમ્પ




લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગર અને ઑગણજ આઈ હૉસ્પિટલ દ્વારા દહેગામના વટવા ગામ ખાતે નિઃશુલ્ક નેત્રનિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૪ જેટલા નાગરિકોની આંખોની તપાસ કરી ૧૪૩ નાગરિકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૨૭ નાગરિકોને મોતિયાની તકલીફ હોવાનું નિદાન થયું હતું, જે પૈકી ૧૦ દર્દીઓને સત્વરે સારવારની જરૂર જણાતાં તેમને ઓગણજ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાની એનએસએસ શિબિર સંપન્ન



ગાંધીનગરના વાસણ ગામે આયોજિત ગૂજરાત વિદ્યાપીઠના એનએસએસના રાંધેજા યુનિટની ગ્રામ શિબિરનું સમાપન થયું છે. ‘‘મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ’’ થીમ આધારિત આ શિબિરના સમાપન પ્રસંગે વિદ્યાપીઠના કુલ સચિવ ડૉ. ભરત જોષી, સ્ટેટ એનએસએસ અધિકારી આર.જે. માછી, વિદ્યાપીઠના એનએસએસ સંયોજક ડૉ. અરૂણ ગાંધી, વાસણ ગામના સરપંચ પી.વી. વાઘેલા સહિત પ્રાથમિક શાળાના આચાર્ય, ગામના તલાટી-કમમંત્રી, જિલ્લા સદસ્ય તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા અને શિબિરાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંયોજક ડૉ. રાજીવ પટેલની આગેવાનીમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. હસમુખ પંચાલે કર્યુ હતું.

# નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણી









નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ સેન્ડ ટેકનોલોજી તથા નિસર્ગ સાયન્સ સેન્ટર ના ઉપક્રમે તા.૧૪ ડીસેમ્બર ‘‘ઉર્જા સંરક્ષણ દિવસ’’ ની ઉજવણી અંતર્ગત ઉર્જા જાગૃતિ તથા સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉર્જાના વધુ પડતા વપરાશના કારણે ખનીજ કોલસો, કુદરતી વાયુ, કુદરતી ખનીજ તેલના ભંડારો પર વ્યાપક અસર થઈ છે. ઉર્જાના આ સ્ત્રોત ઝડપથી ખૂટવા જઈ રહ્યા છે ત્યારે આવનારી પેઢી નું જીવન અંધકારમય ન બનીજાય તે સારું ઉર્જાની બચત અને વિવેકપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (GEDA) ગાંધીનગરના સહયોગથી ગાંધીનગર જીલ્લાની ૯૦ જેટલી શાળાઓમાં ચિર સ્થાયી ઉર્જા જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. શ્રીમતી આર. જી. ગર્લ્સ સ્કૂલ, શ્રીમતી એમ.બી.પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, શેઠ સી. એમ. અને એસ. જી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, કડી કેમ્પસ, ગાંધીનગરની સ્કૂલોના સહયોગથી જનજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તથા સ્વચ્છતા સર્વેક્ષણ -૨૦૨૦ ના ભાગરૂપ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે આ રેલીમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા સ્વચ્છતા ના સંદેશો આપતા પ્લેકાર્ડ તથા બેનરો સાથે વિદ્યાર્થીઓ જોડાયા. શાળાના આચાર્ય ગીતેશભાઈ પટેલ, ચેતનાબેન બુચ તથા વિજ્ઞાન શિક્ષકો પણ આ રેલીમાં જોડાયા હતા.